પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૧૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૮-૦૧-૨૦૨૪ સોમવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦




## ઉત્તર ભારતમાં શીત લહેરનો કહેર

# પર્વતોથી મેદાની વિસ્તારોમાં પારો ગગડ્યો, આગામી બે દિવસ સુધી કોઈ રાહતની અપેક્ષા નહીં



નવીદિલ્હી,

ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું યથાવત છે. જમ્મુ અને કાશ્મીર, પશ્ચિમ રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, પૂર્વી ઉત્તર પ્રદેશ, પંજાબ, પૂર્વ મધ્યપ્રદેશ, ઉત્તરાખંડ અને ઉત્તર-પૂર્વ ત્રિપુરામાં કેટલાક સ્થળોએ ગાઢ અને અત્યંત ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. જેના કારણે માર્ગ, હવાઈ અને રેલ ટ્રાફિકને અસર થઈ હતી. પંજાબમાં ગાઢ ધુમ્મસને કારણે એક માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા છે. મેરઠ સહિત વિવિધ શહેરોમાં લોકો ઠંડીથી બચવા માટે આશ્રયસ્થાનોનો આશરો લેતા જોવા મળ્યા હતા. પહાડીઓથી મેદાનો સુધી, પારો વધુ નીચે ગયો અને દિલ્હીમાં ૮.૯ ડિગ્રી સેલ્સિયસ અને શ્રીનગરમાં માઈનસ ૫.૪ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને રાજસ્થાનમાં તીવ્ર ઠંડીની આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં પણ ગાઢ ધુમ્મસ રહેશે. ફ્રેશ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની પણ અસર થવાની છે અને તેના કારણે ૮ થી ૧૦ જાન્યુઆરી સુધી ઉત્તર-પશ્ચિમ અને મધ્ય ભારતના વિસ્તારોમાં વાવાઝોડા સાથે કેટલાક સ્થળોએ ભારે અને હળવો વરસાદ થવાની સંભાવના છે. આ ઉપરાંત, આગામી પાંચ દિવસ સુધી તમિલનાડુ અને કેરળમાં આગામી બે દિવસ સુધી કેટલાક સ્થળોએ ભારે વરસાદ સાથે દક્ષિણ દ્વીપકલ્પના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

દિલ્હી-એનસીઆરમાં ફૂંકાતા ઠંડા પવનોને કારણે ઠંડીમાં વધારો થયો છે. શનિવારે પણ સૂરજ આથમ્યો ન હતો. દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જો કે પવનની દિશા બદલાવાને કારણે તાપમાનમાં નજીવો વધારો નોંધાયો હતો. આગામી દિવસોમાં પણ તાપમાનમાં વધારો થવાની સંભાવના છે. પ્રાદેશિક હવામાન કેન્દ્ર અનુસાર, શનિવારે દિલ્હીનું મહત્તમ તાપમાન ૧૫.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ચાર ડિગ્રી ઓછું છે. લઘુત્તમ તાપમાન ૮.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં બે ડિગ્રી વધુ છે. શનિવારે દિલ્હીના મોટાભાગના વિસ્તારોમાં કડકડતી ઠંડી જેવી સ્થિતિ હતી. સવારથી વાતાવરણ ઠંડું રહ્યું હતું. બપોરના સમયે પણ સૂર્યપ્રકાશના અભાવે લોકોએ ધ્રુજારી અનુભવી હતી. સાંજ પડતાં જ ઠંડીમાં પણ વધારો થયો હતો.

સ્પાઈસજેટ એરલાઈન્સે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ગાઢ ધુમ્મસ અને ખરાબ હવામાનને કારણે અમૃતસર, જમ્મુ, વારાણસી, ગોરખપુર, પટના, જયપુર, શિરડી અને દરભંગામાં તેની ફ્લાઈટ્સનું આગમન અને પ્રસ્થાન પ્રભાવિત થયું હતું. આ સમયગાળા દરમિયાન, રાષ્ટ્રીય રાજધાનીમાં અને ત્યાંથી ટ્રેનોના સંચાલનને પણ અસર થઈ હતી. દિલ્હી આવતી ૧૪થી વધુ ટ્રેનો મોડી પહોંચી હતી. ઘણી ટ્રેનો રદ કરવામાં આવી હતી. જેના કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. શુક્રવારે ૨૨ ટ્રેનો મોડી દોડી હતી.

હવામાન વિભાગે હિમાચલમાં ૯ અને ૧૦ જાન્યુઆરીએ વરસાદ અને હિમવર્ષાની આગાહી કરી છે. રવિવારે સવારે મંડી, બિલાસપુર, ઉના, કાંગડા, સિરમૌર અને સોલન જિલ્લામાં પણ ગાઢ ધુમ્મસની અપેક્ષા છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની આસપાસ યથાવત છે અને હાલમાં આગામી દિવસોમાં તેમાં કોઈ મોટી વધઘટ થવાની શક્યતા નથી.

કાશ્મીર અને લદ્દાખમાં કાતિલ ઠંડી પડી રહી છે. જ્યારે શુક્રવારે રાત્રે પહેલગામમાં પારો માઈનસ ૬.૩ ડિગ્રી સુધી ગગડી ગયો હતો, જ્યારે લેહમાં માઈનસ ૧૦.૬ ડિગ્રી નોંધાયો હતો.જમ્મુ-કાશ્મીરમાં ઠંડીની લહેરથી જનજીવન પ્રભાવિત થયું છે. ધુમ્મસમાંથી કોઈ રાહત મળી નથી. સવાર-સાંજ પડતાં ધુમ્મસના કારણે તાપમાનનો પારો નીચે આવ્યો છે. ઉત્તર ભારતમાં ધુમ્મસને કારણે ટ્રેન અને એર ફ્લાઈટ પર અસર પડી રહી છે. દરરોજ ડઝનબંધ ટ્રેનો અને ફ્લાઈટ મોડી આવી રહી છે.

દરમિયાન, શ્રીનગરમાં ગઈકાલે રાત્રે તાપમાનનો પારો માઈનસ ૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો. લેહમાં પણ કાતિલ ઠંડી વચ્ચે ગઈકાલે રાત્રે તાપમાન માઈનસ ૧૦.૬ ડિગ્રી સેલ્સિયસ હતું.જમ્મુમાં બપોર સુધી ધુમ્મસ રહ્યું હતું અને ગઈકાલે રાત્રે અહીંનું તાપમાન ૪.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે આ સિઝનની સૌથી ઠંડી રાત હતી.

હવામાન કેન્દ્ર શ્રીનગરના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં વરસાદની કોઈ શક્યતા નથી અને હવામાનમાં પલટો ચાલુ રહેશે.કોલ્ડવેવ અને ધુમ્મસ વચ્ચે રાજસ્થાનમાં વરસાદને લઈને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાં ગાઢ ધુમ્મસની અસર જોવા મળી રહી છે, જેના કારણે રસ્તાઓ પર વિઝિબિલિટી ઘટીને ૫૦ મીટરથી ઓછી થઈ ગઈ છે. હવે રાજ્યમાં પણ માવઠાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૮ જાન્યુઆરીથી રાજ્યમાં એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ રહ્યું છે, જેના કારણે તીવ્ર શિયાળાની વચ્ચે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગે કોટા અને ઉદયપુર વિભાગમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની ચેતવણી જારી કરી છે.

# અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘પતંગ મહોત્સવ’નો શુભારંભ કરાવ્યો



અમદાવાદ,

ઉતરાયણનો તહેવાર ગુજરાત સહિત દેશભરમાં ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી ઊજવવામાં આવે છે. આ દિવસે લોકો વહેલી સવારથી જ અગાશી પર ચઢીને પતંગ ઉડાવતા જોવા મળે છે. સાથે જ ઉતરાયણના દિવસે લોકો ચીક્કી, ઊંધિયું અને શેરડીની પણ મજા માણતા હોય છે. ઉતરાયણના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

જણાવી દઈએ કે, આજથી અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે પતંગ મહોત્સવની શરૂઆત થઈ છે. આ મહોત્સવ ૧૫ જાન્યુઆરી સુધી ચાલશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા રિવરફ્રન્ટ ખાતે આજે પતંગ મહોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો છે. દરમિયાન રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, પ્રવાસનમંત્રી મુળુ બેરા અને અન્ય ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા. આ વર્ષે પતંગ મહોત્સવમાં ૧૨ રાજ્યના ૬૮ અને ગુજરાતના ૮૬૫ જેટલા પતંગબાજ ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદના યોજાનારા પતંગ મહોત્સવમાં માત્ર રાજ્ય અને દેશના જ નહીં પરંતુ, વિદેશોમાંથી પણ પતંગબાજો ભાગ લેતા હોય છે. આ વર્ષે પતંગ મહોત્સવમાં ૫૫ દેશના ૧૫૩ પતંગબાજ ભાગ લઈ રહ્યા છે. આ દેશોમાં ફ્રાન્સ, તુર્કી, યુક્રેન, સ્પેન, શ્રીલંકા સહિતના પતંગબાજો સામેલ છે. જણાવી દઈએ કે, આ વર્ષે રિવરફ્રંટ પર યોજાનારા પતંગ મહોત્સવની સાથે હસ્તકલા, ફૂડસ્ટોલ પણ રાખવામાં આવ્યા છે. માહિતી અનુસાર, આ વર્ષે ૧૫ જેટલા હસ્તકલાના અને ૩૫ જેટલા ફૂડ સ્ટોલ પણ રાખવામાં આવ્યા છે.

# સીતારમણ આ વર્ષે પોતાનું બજેટ ભાષણ રજૂ કરીને ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવશે



નવીદિલ્હી,

નિર્મલા સીતારમણ દેશના પ્રથમ પૂર્ણકાલીન મહિલા નાણામંત્રી છે, જે હવે ભારતના ઈતિહાસમાં નોંધાયેલ છે. પરંતુ શું તમે ક્યારેય નોંધ્યું છે કે તેમણે આજ સુધી જેટલી પણ વખત બજેટ રજૂ કર્યું છે, દરેક વખતે તેમણે કેટલીક જૂની પરંપરા બદલી છે અને નવી પરંપરા શરૂ કરી છે અથવા કોઈ નવો રેકોર્ડ બનાવ્યો છે. આ વર્ષે પણ તેમનું બજેટ ભાષણ એવું જ બનવાનું છે.

આ વર્ષે ૧ ફેબ્રુઆરીએ મોદી સરકાર તેના બીજા કાર્યકાળનું છેલ્લું બજેટ રજૂ કરશે. આ વખતે આ બજેટ સંપૂર્ણ બજેટ નહીં પણ વચગાળાનું બજેટ હશે, કારણ કે આ વર્ષે નવી લોકસભાની રચના માટે ચૂંટણી યોજાવાની છે. સરકાર ચૂંટણી વર્ષમાં માત્ર વચગાળાનું બજેટ રજૂ કરે છે.

નિર્મલા સીતારમણ આ વર્ષે પોતાનું બજેટ ભાષણ રજૂ કરીને ફરી એકવાર ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવશે. વચગાળાનું બજેટ રજૂ કરનાર નિર્મલા સીતારમણ દેશના પ્રથમ મહિલા નાણામંત્રી હશે. આ પહેલા પણ તેમણે પોતાના બજેટ સ્પીચથી ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું છે.નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૧૯માં તેમનું પ્રથમ બજેટ રજૂ કર્યું હતું. ત્યારબાદ તેમણે અંગ્રેજોના સમયથી ઉપયોગમાં લેવાતી બ્રીફકેસને નાબૂદ કરી અને લાલ રંગનું ’બહી ખાતુ’ અપનાવ્યું હતું.

વર્ષ ૨૦૨૦માં નિર્મલા સીતારમણનું બજેટ ભાષણ ૨ કલાક ૪૨ મિનિટ ચાલ્યું હતું. દેશના ઈતિહાસમાં કોઈપણ નાણામંત્રીનું આ સૌથી લાંબુ બજેટ ભાષણ હતું. આ પછી, વર્ષ ૨૦૨૧ માં, નિર્મલા સીતારમણે દેશનું પ્રથમ પેપરલેસ બજેટ રજૂ કર્યું. તે લાલ રંગના એક ફોલ્ડરમાં ટેબલેટ લઈને સંસદ પહોંચી અને પોતાનું બજેટ ભાષણ વાંચ્યું હતું. પરંપરાઓ બદલવાનો તેમનો રેકોર્ડ વર્ષ ૨૦૨૨માં પણ ચાલુ રહ્યો. બજેટના પ્રિન્ટિંગ પહેલા યોજાતી ‘હલવા વિધિ’ નાબૂદ કરવામાં આવી હતી અને તેની જગ્યાએ નાણા મંત્રાલયના અધિકારીઓને મીઠાઈના બોક્સ વહેંચવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૩માં તેમનું બજેટ ભાષણ એકદમ અનોખું હતું. જ્યાં તેમણે નવી ટેક્સ સિસ્ટમના સ્લેબમાં ફેરફાર કર્યો હતો. મોટી જાહેરાત નવી સિસ્ટમને ડિફોલ્ટ ટેક્સ સિસ્ટમ બનાવવાની હતી. આ એક એવું પગલું હતું જેણે દેશની આવકવેરા પ્રણાલીને સંપૂર્ણપણે બદલી નાખી હતી.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

### ટેન્ડર નોટીસ નં-૦૫ સને-૨૦૨૩-૨૪

ઈ–ટેન્ડર આઈ.ડી. નં.–૩૨૬૭૬

કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સિલ્વર પ્લાઝા કોમ્પલેક્ષ, ધાનકાવાડ, ગોધરા, જીલ્લો–પંચમહાલ–૩૮૯૦૦૧, ફોન નં.૦૨૬૭૨–૨૪૧૯૪૧ દ્વારા નીચેના કામો માટે ઈ–ટેન્ડરો મંગાવવામાં આવે છે.

(૧) કામનું નામ–એકશન પ્લાન ૨૦૨૩–૨૪ (મ.અને નિ.) અંતગર્ત પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાની પી.એમ.૪–બી જુથ પાણી પુરવઠા યોજનાની મરામત અને નિભાવણીની (સિવિલ અને યાંત્રિકના સંયુકત) ૦૫ વર્ષ માટેની કામગીરી, અંદાજીત કિંમત રૂા.૧૦૭૮.૮૩ લાખ (કુલ એક કામ) (૨) એજન્સીની પાત્રતા– ઉકત કામગીરી માટે માર્ગ અને મકાન વિભાગ તથા સિંચાઈ ખાતાના યોગ્ય શ્રેણી માં રજીસ્ટ્રેશન ધરાવતા તથા ટેન્ડરમાં જણાવ્યા મુજબની જરૂરી લાયકાત ધરાવતાં ઠેકેદારશ્રીઓ પાસેથી ઓનલાઇન ભાવો માંગવામાં આવે છે. (૩) ઉકત કામોની બાનાની રકમ/ ટેન્ડર ફી તથા અન્ય વિગતો ઉપરોકત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઇટ http//gwssb.nprocure.com ઉપર જોઇ શકાશે. ટેન્ડર ઓનલાઇન ભરવાની છેલ્લી તારીખ–૨૨/૦૧/૨૦૨૪, ૧૮.૦૦ કલાક સુધી તથા ફિઝીકલ દસ્તાવેજો કચેરીમાં આર.પી.એડી./હાથો હાથ/કુરીયર થી સબમિશન કરાવવાની છેલ્લી તારીખ ૨૩/૦૧/૨૦૨૪, ૧૫.૦૦ કલાક સુધીની રહેશે. સદર ટેન્ડર કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. આ કામની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ/સુધારા કે કોઈપણ ફેરફાર હવે પછી વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડનો હેલ્પલાઈન નંબર–૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.”

માહિતી/ગોધરા/૭૬૦/૨૦૨૪

# અમરેલીના બાબરામાં ભાજપના મહિલા નેતાના પતિની ધરપકડ, નશાયુક્ત સીરપનો જથ્થો ઝડપાયો હતો



અમરેલી,

બાબરા નગરપાલિકાના ભાજપના મહિલા સદસ્યના પતિની પાસા હેઠળ ધરપકડ કરવામાં આવી છે. મૂળશંકર તેરૈયાની પાસા હેઠળ ધરપકડ કરી અમદાવાદ મધ્યસ્થ જેલમાં મોકલવામાં આવ્યા છે. અત્રે જણાવી દઈએ કે, મહિલા સદસ્યાના પતિ પાસેથી નશાયુક્ત સીરપનો જથ્થો પકડાયો હતો બાબરા પાલિકાના ભાજપ સદસ્યના પતિ મૂળશંકર તેરૈયા પાસેથી બાબરા પોલીસે અંદાજે રૂપિયા ૬૫ લાખનો જથ્થો પકડ્યો હતો. બાબરા અને લાઠી વિસ્તારમાં નશાયુક્ત સીરપના જથ્થા બાબતે મૂળશંકર તેરૈયા સામે ૪ ગુના નોંધાયા હતા. જેમાં નશાયુક્ત સીરપ પકડાવાના કેસમાં મૂળશંકર તેરૈયા સામે અમરેલી એસપીની કાર્યવાહી કરી છે.

અત્રે જણાવીએ કે, નશાયુક્ત સીરપ ઝડપવામાં આવેલી પોલીસ ડ્રાઈવમાં ળશંકર તેરૈયા સપડયા હતા. જેમની પાસેથી લગભગ રૂપિયા ૬૫ લાખનો મુદામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જો કે, આ મામલો બાબર તાલુકામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે

# અમે ઘણા ભાગ્યશાળી છીએ કે ભારત અમારો મિત્ર છે : શેખ હસીનાનો સંદેશ

નવીદિલ્હી,

બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણી માટે મતદાન થયું છે. વિરોધ પક્ષ બીએનપી સહિત અન્ય ઘણી પાર્ટીઓએ આ ચૂંટણીનો બહિષ્કાર કર્યો છે. બાંગ્લાદેશમાં ચૂંટણી પહેલા ઘણી હિંસક ઘટનાઓ બની છે અને મતદાનના દિવસે પણ હિંસા થવાની સંભાવના છે. ચૂંટણી પહેલા બાંગ્લાદેશના વડા પ્રધાન શેખ હસીનાએ કહ્યું હતું કે અમે સુનિશ્ચિત કરીશું કે દેશમાં લોકશાહી છે અને લોકોના લોકતાંત્રિક અધિકારોનું રક્ષણ થાય છે. વડાપ્રધાન શેખ હસીનાએ મતદાન પહેલા મીડિયા સાથે વાત કરી હતી. આ દરમિયાન એક ભારતીય પત્રકારે વડાપ્રધાન શેખ હસીના સાથે વાત કરી. તેના પર શેખ હસીનાએ કહ્યું, ’તમારું ખૂબ સ્વાગત છે. ભારત જેવો ભરોસાપાત્ર મિત્ર મેળવવા માટે આપણે ભાગ્યશાળી છીએ. તેમણે (ભારત) મુક્તિ યુદ્ધ દરમિયાન અમને ટેકો આપ્યો હતો. ૧૯૭૫ પછી જ્યારે અમારો આખો પરિવાર નાશ પામ્યો ત્યારે તેમણે અમને આશ્રય આપ્યો. તો ભારતના લોકો માટે અમારી શુભકામનાઓ. વડા પ્રધાને કહ્યું હતું કે ’આપણો દેશ સાર્વભૌમ અને સ્વતંત્ર છે... આપણી વસ્તી મોટી છે. અમે લોકોને લોકતાંત્રિક અધિકારો આપ્યા છે. હું સુનિશ્ચિત કરવા માંગુ છું કે દેશમાં લોકશાહી ચાલુ રહે.

# દેશના સેવન સ્ટાર રેંકિંગ શહેરોમાં સુરતને સ્થાન, શહેરીજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે પુરસ્કાર

સુરત,

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૩ના પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં દેશમાંથી ઈન્દોર, નવી મુંબઈ અને સુરત ને સ્થાન માત્ર મળ્યું છે.આ પુરસ્કાર શહેરીજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે આપવામાં આવ્યો છે. તાજેતરમાં સુરત ગુજરાતમાં સેવન સ્ટાર રેટિંગ મેળવનાર પ્રથમ શહેર બન્યું છે. સ્વચ્છતા સર્વેક્ષણમાં ગુજરાતમાં માત્ર સુરતને માન મળ્યું છે. નોંધનીય છેકે, કેન્દ્ર સરકારની સ્વચ્છતાની ટીમ દિવાળી દરમિયાન સુરતની વિઝિટ કરી ગઈ હતી. જેના અંગેનું પરિણામ ૫ જાન્યુઆરીના જાહેર કરવામાં આવ્યું છે. આ અંગે મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૩ના પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. દેશમાં હાલ ત્રણ શહેરોને જ સેવન સ્ટાર તરીકેનું બહુમાન મળ્યું છે. આ વચ્ચે ઈન્દોર, નવી મુંબઈ અને સુરતના નામ શામેલ થયા છે. આ અગાઉ ગત વર્ષે સુરતને ફાઈવ સ્ટાર રેંકિંગ મળ્યું હતું. જેમાં ગાર્બેજ ફ્રી સિટી તરીકે કેટલાક માપદંડોને આવરી લેવાયા હતા. કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા દર વર્ષે જાહેરાત કરે છે. જેમાં શહેરીજનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવાની જાહેરાત કરે છે. કેટલાક માપદંડોના આધારે ગાર્બેજ ફ્રી સિટીમાં સુરતને સેવન સ્ટાર રેટિંગ આપવામાં આવ્યું છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# સંતરામપુરના ચિતવા ગામે મહિલા પર દિપડાએ હુમલો કર્યો મોઢાના ભાગે અને માથાના ભાગે પંજો મારતા ૧૭ ટાકા આવ્યા



સંતરામપુર,
સંતરામપુર તાલુકાના ચિતવા ગામે શિયાળો પાકને બચાવવા માટે પતિ–પત્ની ઢોર બાંધવાના કોડીયામાં સુઈ રહેલા હતા. અચાનક રાત્રીના સમયે બે કલાકે દિપડો આવીને મહિલા ઉપર તડપ મારી અને હુમલો કર્યો, મહિલા ઉપર દીપડાએ હુમલો કરીને પંજો મારતા માથાના ભાગની અંદર ૧૭ ટાકા આવ્યા. જ્યારે મોઢાના ભાગે પંજો વાગતા ગંભીર ઈજા પહોંચેલી હતી. આ ઘટના બનતા જ મહિલા બૂમાબૂમ કરવા માંડી આજુબાજુના ગ્રામજનો અને એકદમ લાઈટ ચાલુ કરી દેતા લાકડી વડે ગામ દિપડાને ભગાડી મુકેલો હતો અને મહિલાને દીપડાના પંજા માંથી છોડાવેલી હતી રાતે બનેલી બે કલાકે ઘટના તાત્કાલિક તેમના પતિ રાજેશભાઈ કટારા સરકારી હોસ્પિટલમાં ખાનગી વાહનમાં સારવાર માટે લાવી આવેલા હતા. આ ઘટનાની ફોરેસ્ટ વિભાગને જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને પંચકેસ કરેલો હતો. હુમલો એટલો ભયંકર હતો કે, મહિલાની લોહી લુહાણ કરી મૂકેલી હતી. મોઢા ઉપર અને માથાના ભાગે પંજો વાગવાના કારણે મહિલા અને સંતરામપુર હોસ્પિટલમાં હાલમાં એડમિટ કરવામાં આવેલી છે. સંતરામપુર તાલુકાના ચિતવા ગામના લોકો જંગલી ભૂંડોથી શિયાળો પાકને બચાવવા માટે જીવના જોખમે ઢોર બાંધવાના કોડીયામાં બહાર સુઈ રહેતા હોય છે. પાકને બચાવવા જીવનો જોખમ વધી રહેલો જોવા મળી આવેલો છે. જ્યારે બીજી બાજુ ફરીથી હવે લોકો દીપડાથી બચવા માટે અને પોતાના પરિવારને સલામતી માટે વારાફરતી રાત્રિનો સમયે જાગીને પેટ્રોલિંગ કરશે આવી એક કરકટથી ઠંડીમાં એક બાજુ જંગલી ભૂંડના ત્રાસથી બહાર સુવા મજબૂર બનતા હોય છે. જ્યારે બીજી બાજુ વન પ્રાણી દિપડો માણસ ઉપર હુમલો કરતો હોય છે ખેડૂતો માટે હવે જીવ અધ્ધર જોવા મળી આવેલો છે. ચિતવા ગામની અંદર મહિલા પર દિપડો હુમલો કરતા જ આખા ગામની અંદર દહીં સાથ અને ડર જોવા મળી આવેલો છે ફોરેસ્ટ વિભાગ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવે તેવી ગામ લોકોની માંગ ઉભી થયેલી છે. સંતરામપુર તાલુકાના એક બે મહિને વન પ્રાણી દીપડો પ્રાણીઓ પર માનવી ઉપર હુમલો કરતાં જ હોય છે ૧૫ દિવસ અગાઉ બુગડ ગામે પશુનું મારણ કર્યું હતું. જ્યારે સંતરામપુર તાલુકાના ચિતવા બુગડ ભણશી મલ ખેડાપા સીમલીયા ભટક્વાડા આ વિવિધ જંગલોમાં દીપડાઓ વર્ષ દરમિયાન પશુ અને માનવી પર હુમલો કરતા જ હોય છે, અમે રાતે સુઈ રહેલા હતા. અચાનક દિપડો આવીને મારી પત્ની પર હુમલો કર્યો માથાના ભાગમાં વાગ્યું મારી પત્ની બુમાબૂમ કરી ઘરના છોરા લાઈટ ચાલુ કર્યું તો અને ગામના લોકો આવી ગયા તો લાકડી વડે દીપડો ભાગી ગયો હતો. રાજેશભાઈ કટારા દીપડાના શિકારના ભોગ બનેલા પતિ ગામ ક્તિવા ભોગ બનેલા બેન નું નામ કવિતાબેન રાજેશભાઈ કટારા.

# મહિસાગર જીલ્લામાં મહેસુલ કર્મચારી મંડળ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
મહીસાગર જીલ્લા મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા મહીસાગર જીલ્લામાં ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં કલેકટર કચેરી સહિત મામલતદાર કચેરી પ્રાંત કચેરી એમ કુલ ૧૦ ટીમો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો અને મહીસાગર જીલ્લાના ત્રણ ગ્રાઉન્ડ નગર પાલિકા ક્રિકેટ ગ્રાઉન્ડ લુણાવાડા કડાણા ખાતે દીવડા ગ્રાઉન્ડ અને નગર પાલિકા બાલાસિનોરનું જનસાથી ક્રિકેટ ગ્રાઉન્ડમાં આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૫–૧–૨૦૨૪ના રોજ ફાઈનલ મેચ દીવડા ગ્રાઉન્ડ ખાતે કલેકટર કચેરી અને સંતરામપુર મામલતદાર કચેરી વચ્ચે રમાઈ હતી. જેમાં કલેક્ટર કચેરીની ટીમ કલેકટર સુપર કિંગ્સનો એક વિકેટે વિજય થયો હતો. ફાઈનલ મેચમાં નિવાસી અધિક કલેક્ટર સી.વી.લટા તથા સબ ડિવિઝન મેજીસ્ટ્રેટ સી.વી.પટેલ મામલતદાર કડાણા ખાંટ તથા મામલતદાર સંતરામપુર પઠાણ હાજર રહ્યા હતા. સદર મેચમાં ખેલાડી સિવાય રેવન્યુ કર્મચારીઓ પણ બહોળા પ્રમાણમાં હાજર રહ્યા હતા. આ ટુર્નામેન્ટ ઓફિસ સમય પહેલા રમાડવામાં આવતી હતી અને ત્યારબાદ કર્મચારીઓ પોતાના કામમાં ઓફિસ ખાતે ફરજ બજાવતા હતા. અંતિમ મેચમાં નિવાસી અધિક કલેકટર દ્વારા આવી ટુર્નામેન્ટ નિયમિત યોજાતી રહે તથા કર્મચારીઓ પોતાના સ્વાસ્થ્ય માટે સદાય સચેત રહે તેમ જણાવ્યું હતું અને તેમના દ્વારા વિજેતા ટીમના કેપ્ટન સુનિલભાઈ સંગાડા અને તેઓના ખેલાડીઓને ટ્રોફી એનાયત કરી હતી તથા ઉપવિજેતા સંતરામપુર સ્પાર્ટન ટીમના કેપ્ટન કલ્પેશભાઈ પટેલને પણ ટ્રોફી આપવામાં આવી હતી. આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન મહેસુલી મંડળના પ્રમુખ અજયસિંહ વાઘેલા તથા ઈન્ચાર્જ ચીટનીશ સુનિલભાઈ સંગાડા ની રાહબરી હેઠળ કરવામાં આવ્યું હતું.

## પશ્ચિમી સંસ્કૃતિ પરવાન ચઢતા ટીનેજર્સ સંસ્કાર અને સભ્યતા બન્ને ભૂલ્યા

# દાહોદમાં પ્રતિષ્ઠિત શાળાને બદનામ કરવા ભૂતપૂર્વ વિદ્યાર્થીએ શાળાનો ફેક એકાઉન્ટ બનાવી વાંધાજનક પોસ્ટ વાઈરલ કરતા ચકચાર

દાહોદ,
દાહોદ શહેરમાં એક પ્રતિષ્ઠિત શાળામાં અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીએ આગામી કારણોસર શાળાને બદનામ કરવાના ઈરાદે ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર શાળાનું ફેક આઈડી બનાવી તેના પર અશ્લીલ તેમજ વાંધાજનક પોસ્ટ વાયરલ કરતા શિક્ષણ આલમમાં ચકચાર મચી જવા પામી હતી. જોકે, આ સમગ્ર મામલે દાહોદની સાઈબર ક્રાઈમ ની ટીમ પાસે પહોંચતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

આજના આધુનિક યુગમાં ઈન્ટરનેટના ફોરજી અને ફાઈવ જી ના જમાનામાં ખૂબ જ ડિજીટલ ક્રાંતિ આવી છે. પરંતુ જ્યારે કોઈ સુવિધા ઉભી થાય છે. ત્યારે તેના લાભ અને ગેરલાભ બંને હોય છે. આજના જમાનામાં સોશિયલ મીડિયાએ એવી ક્રાંતિ કરી છે.કે લોકો સોશિયલ મીડિયાના માધ્યમથી ઘર બેઠા આંગળીના ટેરવે સમગ્ર દુનિયાની જાણકારી પળભરમાં પ્રાપ્ત કરી લે છે. પરંતુ આ ટેકનોલોજી નો જેટલો લાભ છે તેટલો નુકસાન પણ છે. આજની યુવાપીઢી પર પશ્ચિમી સંસ્કૃતિ પરવાન ચઢતા ટીનેજર્સ મૂળ ભારતીય સંસ્કૃતિને ભૂલતા જઈ રહ્યા છે. અધુરામાં પૂરો વારસામાં મળેલા સંસ્કાર અને સંસ્કૃતિનો ડૂચો વાળવામાં સોશિયલ મીડિયા મહત્વનો ભાગ ભજવ્યો હોય તેમ સ્ટાઈલિસ્ટ અને મોર્ડન દેખાવાના ચક્કરમાં ઘણી વખત સાયબર ક્રાઈમ કરી મૂકે છે, જે તેના માટે ઘણી વખત મુસીબત રૂપ બની જાય છે. તેવો જ એક કિસ્સો મધ્ય ગુજરાતના આદિવાસી બાહૂલ્ય ધરાવતા દાહોદ જીલ્લામાં બનવા પામ્યો છે. જેમાં દાહોદ શહેરમાં એક પ્રતિષ્ઠિત શાળામાં અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીએ અગમ્ય કારણોસર શાળાને બદનામ કરવાના ઈરાદે શાળાનું ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી તે આઈડી પર અસલી અને વાંધાજનક પોસ્ટ વાયરલ કરતા શાળા સંચાલકો અને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ પણ એક તબક્કે સ્તબ્ધ બની ગયા હતા. આખરે શાળા સંચાલકોએ આ મામલે દાહોદ સાયબર સેલમાં રજૂઆત કરતા સાઈબર સેલના પીઆઈ દિગ્વિજયસિંહ પઢીયારે ટેકનિકલ સોર્સના મદદથી શાળાનું ફેક આઈડી બનાવી અશ્લીલ પોસ્ટ ફરતી કરનાર વ્યકિતને ઝડપી પૂછપરછ કરતા તે પણ થોડાક સમય પહેલા આ શાળામાં અભ્યાસ કરી ચૂક્યો હતો અને શાળા છોડ્યા બાદ કોઈક અગમ્ય કારણોસર શાળાના બદનામ કરવાના ઈરાદે ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી અશ્લીલ તેમજ વાંધાજનક પોસ્ટ વાયરલ કરી હતી. જોકે, આવું કૃત્ય કરનાર ઈસમ સગીર વયનો વિદ્યાર્થી હોવાથી સાયબર સેલની ટીમે વિદ્યાર્થી તેમજ તેના માતા પિતાને બોલાવી તેઓનું જરૂરી કાઉન્સિલિંગ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# લુણાવાડા ખાતે ગુજરાત સ્ટેટ CHO યુનિયનની મીટીંગ યોજાઈ



લુણાવાડા,
તારીખ ૭/૧/૨૦૨૪ને રવિવારના રોજ ગુજરાત સ્ટેટ સી.એચ.ઓ યુનિયન દ્વારા મહીસાગર જીલ્લાના સી.એચ.ઓની યુનિયનની મિટિંગનું આયોજન હોટલ તેજા લુણાવાડા ખાતે કરવામાં આવેલ. જેમાં ગુજરાત સ્ટેટ સી.એચ.ઓ. યુનિયનના પ્રમુખ જયકુમાર મહેતા, જોઈન્ટ સેક્રેટરી જનક શર્મા અને ખજાનચી હર્ષલભાઈ હડિયાની ઉપસ્થિતિમાં મહીસાગર જીલ્લાની યુનિયનની ડિસ્ટ્રિક્ટ બોડી નિર્માણ કરવામાં આવ્યું. તેમજ સી.એચ.ઓને થઈ રહેલા તમામ પ્રશ્નો વિશે જાણવામાં આવ્યું. જેમાં મહીસાગર જીલ્લાના તમામ સી.એચ.ઓ. એ હાજરી પુરાવીને યુનિયનને સંપૂર્ણ સાથ સહકાર આપ્યો હતો. મહીસાગર જીલ્લાના પ્રમુખ તરીકે વિજયભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે નિરજભાઈ પટેલ અને ગુંજનબેન પટેલ, સેક્રેટરી તરીકે હિમ્મતસિંહ ડામોર, જોઈન્ટ સેક્રેટરી સેજલબેન પટેલ, ખજાનચી જીતેન્દ્રભાઈ પટેલ, કો.ઓર્ડીનેટર પ્રીતિબેન પટેલ, કન્વીનર તરીકે અનિલભાઈ ચોકિયાતની વરણી કરવામાં આવેલ છે.

# ડાયટ સંતરામપુરના તાલીમાર્થીઓએ મધ્ય ઝોન કક્ષાનાં રમતોઉત્સવમાં દોડ અને ટેબલ ટેનિસ રમતમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો



સંતરામપુર,
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર પ્રેરિત જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કઠલાલ દ્વારા ડાયટ, ગ્રાન્ટેડ સંસ્થાઓના ડી.એલ.એડ અને બી.એડના તાલીમાર્થીઓનો મધ્ય ગુજરાત ઝોન કક્ષાનો રમતોઉત્સવ વર્ષ ૨૦૨૩–૨૦૨૪નો કાર્યક્રમ નડિયાદ સ્પોર્ટ્સ કોમલેક્સ ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં જીલ્લા શિક્ષણ અને તાલિમ ભવન સંતરામપુરના તાલીમાર્થીઓએ, લાંબી કુદ, ગોળા ફેક, દોડ, વોલીબોલ, યોગાસન જેવી વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. તેઓ નડિયાદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલા રમતોત્સવમાં ૧૦૦ મીટર દોડમાં ડામોર પ્રવીણ અને ટેબલ ટેનિસમાં પરમાર નિરવ પ્રથમ નંબર યોગાસનમાં પારગી દિનેશ, દ્વિતીય નંબર અને વોલીબોલમાં તૃતિય નંબર સાથે ભવ્ય વિજય મેળવ્યો હતો. જેથી તેમને જીલ્લા કન્વીનર બિપીનચંદ્ર ચુનારા અને ડાયટ કઠલાલ પ્રાચાર્ય કલ્પેશ પટેલ દ્વારા તાલીમાર્થી ઓને ટ્રોફી, એવોર્ડ, મેડલ, પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ડાયટના તાલીમાર્થીઓનો ભવ્ય વિજય થતા તેઓ ગૌરવની લાગણી અનુભવી હતી. ત્યારે સંતરામપુર ડાયટના પ્રાચાર્ય કે.ટી.પોરાણીયા, સિનિયર લેક્ચરર ડો.હર્ષદભાઈ પટેલ સહિત ડાયટ પરિવારે તેમને અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે તાલીમાર્થીઓ પોતાના જીવનમાં ખૂબ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# ઘોઘંબા તાલુકાના સાજોરા ગામે પંચમહાલ સાંસદ તથા કાલોલ ધારાસભ્યની અધ્યક્ષતામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના સાજોરા ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો જેમાં પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડ તથા કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના હસ્તે પ્રધાનમંત્રી ઉજવલા યોજના, આરોગ્ય તેમજ ખેતીલક્ષી સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના સાજોરા ગામે પંચમહાલ સાંસદ તથા કાલોલ ધારાસભ્યની આગેવાનીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ આવી પહોંચતા ગ્રામજનોએ ઉમંગભેર સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલા વિકાસના કામો તથા વિવિધ યોજનાઓ વિશે ગ્રામજનોને માહિતી આપી હતી તેમજ આ વખતે ભાજપ લોકસભામાં ૪૦૦થી વધુ સીટો લાવશે તેઓ વિશ્વાસ વ્યકત કર્યો હતો. પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે સરકાર દ્વારા આરોગ્ય લક્ષી તથા શિક્ષણ માટેના કરેલા કાર્યોની પ્રશંસા કરી હતી. કાર્યક્રમમાં ખેતીવાડી, આરોગ્ય વિભાગ, ગ્રામ વિકાસ, મિશન મંગલમ, આઈ.સી.ડી.એસ, ઉજ્વલા યોજના લીડ બેંક દ્વારા સ્ટોલ લગાવી સાજોરા ગામના લોકોને વિવિધ યોજનાઓના લાભ આપ્યા હતા. આજના કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી, ઘોઘંબા એપીએમસીના ચેરમેન, સરપંચો તથા ભાજપના કાર્યકરો તેમજ લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા શાળાની બાળિકાઓએ સાંસ્કૃતિક પ્રોગ્રામો રજૂ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ફતેસિંહ ચૌહાણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકાસ અને યોજનાઓની ગ્રામજનોને તેમની ભાષા માંજ સમજાવી વડાપ્રધાનને જીતાડવા માટે અને ભાજપની સરકાર લાવવા માટે આહવાન કરતા કાર્યક્રમ હાજર ૫૦૦ થી વધુ લોકોએ બંને હાથ ઉઠાવી ભાજપને જીતાડવા માટે ફતેસિંહ ચૌહાણની આ હાકલને જય શ્રી રામ ના નારા સાથે વધાવી લઈ તેમને સમર્થન આપ્યું હતું.

# સંતરામપુરના ઉખરેલી રોડ ઉપર પુલની પાળી તુટી જતાં વાહનો માટે જોખમી બન્યો



સંતરામપુર,
સંતરામપુર ઉખરેલી રોડ ઉપર પુલની પાડી તૂટી જતા વાહન ચાલકો માટે જોખમી કારક બન્યો. સંતરામપુર ઉખલી રોડ ઉપર આવેલા પુલની પાડી તૂટી જવાના કારણે પસાર થતાં નાના–મોટા વાહનો અને વાહન ચાલકોને જોખમીકારક બન્યો અને સૌથી વધારે ખેડાપા આનંદપુરી ફતેપુરા માનગઢ તમામ ગામોમાં જવા માટે આજ બ્રિજનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. સંખ્યાબંધ વાહનો અહીંયાથી પસાર થતા હોય છે. પુલ સાંકડો હોવાના કારણે એકસાથે બંને વાહનો પસાર થાય તો તૂટેલા પાડી પાસેથી અકસ્માત થવાની સંભાવના જોવાઈ રહેલી છે. વર્ષો જૂનો બ્રિજએના પરથી મોટા ભાગના વાહનો પસાર થાય તો દુર્ઘટનાને અકસ્માતનું જોખમ જોવાયેલું છે. તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આવા બ્રિજને મરામતની કામગીરી હાથ ધરવામાં આવે તે વાહન ચાલકોની માંગ ઉભી થયેલી છે.

# આપની આજ.......

મેષ : આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે. શ્રેષ્ઠ માર્ગોથી પર્યાપ્ત આવક થશે, પરંતુ આવકના પ્રમાણમાં ખર્ચા વધુ થશે.

વૃષભ : આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. જો તમે કામ કરો છો તો આજે તમારા કામ અને અધિકારોમાં વધારો થશે જે તમારી આસપાસના અન્ય સાથીદારોમાં વધતી કડવાશને કારણે મુશ્કેલી ઊભી કરી શકે છે.

મિથુન : આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે. સાંજથી રાત સુધી નજીકમાં મુસાફરી થવાની સંભાવના છે.

કર્ક : આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો. સાંજથી મોડી રાત સુધી તમે પરિવાર સાથે મુસાફરીનો આનંદ મેળવશો.

સિંહ : ભાઈઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો. સંપત્તિથી લાભ થાય અને સાંજના સમયે પત્નીનો સારો સહયોગ મળે ત્યાં સંતોષ રહેશે.

કન્યા : આજે પ્રિયજનો સાથે વિરોધાભાસની સ્થિતિનું નિર્માણ થશે. આજે તમારા સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં. આજે મોટી માત્રામાં ધન મળતા મનોબળ વધશે.

તુલા : આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થાળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે. આર્થિક લાભ થશે, પરંતુ નફા કરતા વધારે ખર્ચા હોવાને કારણે મુશ્કેલી રહેશે. દુશ્મન પક્ષ તમારા પર પ્રભુત્વ મેળવવાનો પ્રયત્ન કરશે, સાવચેત રહો.

વૃશ્ચિક : આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન, મજબૂત વિરોધીઓ છતાં, સાંજની સમાપ્તિ સુધી બધે જ વિજય પ્રાપ્ત થશે.

ધન : આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને પ્રિયજનો તરફથી ઈચ્છિત સુખ અને સહયોગ મળશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે.

મકર : આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. તમે તમારા બાળકના પક્ષની ચિંતા કરી શકો છો. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

કુંભ : આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે. વ્યવસાયમાં પણ નોકરો અને ભાગીદારો તરફથી સારું વાતાવરણ રહેશે.

મીન : આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. કેટલાક કામને લીધે રાજ્ય તરફથી આજે બપોરથી સાંજ સુધીમાં થોડી સમસ્યા આવી શકે છે, સાવચેત રહો.

# ઝાલોદ નગરની બી.એમ. હાઈસ્કૂલમા સૂર્ય નમસ્કાર કાર્યક્રમ યોજવામાં આવ્યો



ઝાલોદ,
ઝાલોદ નગરની બી.એમ.હાઈસ્કુલ ખાતે ધોરણ ૯ ના ૪૬ બાળકોએ પ્રાર્થના સભા પછી સૂર્ય નમસ્કાર પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. આ પ્રોગ્રામ અક્ષર ન્યૂઝ એજન્સીના પ્રોપરાઈટર અગ્નેશ પંચાલ અને દિવ્ય ભાસ્કર પેપરના પત્રકાર સહલ ગુડાલાના સૌજન્ય થી યોજવામાં આવ્યો હતો. નિયમબધ્ધ રીતે સૂર્ય નમસ્કાર કરનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર તેમજ સ્વામી વિવેકાનંદ પુસ્તકનું સેટ આપવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબર શર્મા કીર્તિકા પ્રેમભાઈ, બીજા નંબર પર ચૌહાણ જવલ તુલસીદાસ અને ત્રીજા નંબર પર જૈન નિકુંજ અનિલભાઈ આવેલ હતા. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પેન આપી પ્રોત્સાહન પૂરૂં પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કેળવણી મંડળના પ્રમુખ દિલીપ પટેલ, મંત્રી હસમુખ પટેલ, સહમંત્રી દિનેશ પંચાલ તેમજ કાર્યક્રમના સૌજન્ય અક્ષર ન્યૂઝ એજન્સી એજન્ટ અગ્નેશ પંચાલ, પત્રકાર સહલ ગુડાલા આચાર્ય મિત્તુલ પટેલ, સુપરવાઈઝર મૂકેશ ચારેલ, સાસ્વત બહેનો અને વિદ્યાર્થીઓ એ ભાગ લઈ પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો.

# સંજેલીના ચમારીયા ખાતે કાળીયા હેલ તળાવમાંથી આવતુ પાણી કેનાલ તુટી જવાના કારણે પાણી ખેતરોમાં ફરી વળતા રવિ પાકને મોટા પાયે નુકસાન થવાની ખેડુતોમાં ભીંતી

દાહોદ,
દાહોદ જીલ્લાના સંજેલી તાલુકામાં ખાતે ચમારીયા ગામના ખેતરોમાં કાળીયા હેલ તળાવમાંથી ખેતી સિંચાઈ માટે આવતુ પાણી કેનાલ તુટી જવાના કારણે ખેતરોમાં પાણી ફરી વળ્યું હોવાથી શિયાળુ પાક રવી સીઝન ને નુકશાની પહોંચી શકે તેવી ખેડુતોને ભિંતી સર્જાવવા પામી છે. છેલ્લા ત્રણેક વર્ષથી શિયાળામાં નહેર, કેનાલમાં ચાલુ કરવામાં આવે છે, પરંતુ કેનાલની સફાઈકામ કામગીરી કર્યા વિના પાણી છોડવામાં આવતુ હોય તેવી ફરિયાદો ઉઠવા પામી છે. કેનાલમાં ચોમાસામાં વરસાદ પડવાથી કચરો તેમજ માટીના થર જામી થવાની કેનાલ પણ સાકડી થતી હોય તેવી સ્થિતી જોવા મળે છે. સાથેજ ચોમાસામાં પણ ભારે વરસાદને કારણે ધોવાણ થવાના લીધે કેનાલમાં ગાબડું પડ્યું હોવાથી જે તુટી જવાથી ખેતરોમાં પાણી ભરાઇ ગયા હવાની ફરિયાદો જણાઇ આવે છે. ત્યારે ગરીબ ખેડૂતો મોઘા બિયારણ ખાતર ખરીદી કરી રવિ પાકનુ જતન કરતા હોય છે. ઉપરોક્ત બાબતે ખેડુતોની તંત્રને વારંવાર રજૂઆત કરવામાં આવેલ હોય તેમ છતાં રીપેરીંગ કે સમાર કામગીરી હાથ ધરવામાં આજદિન સુધી આવી નથી. હાલ એક–બીજા ખેતરમાં પાણી ફરી વળવાના કારણે ચિયાડા, કોતરોમાં, ઘઉ, ચણાના, મકાઈના વાવેતર પાકમાં પાણી ભરાઈ ગયા હોવાની ફરિયાદો જાણવામાં આવે છે. જમીન ગળી જવી, પાક સડી જેવી વિકટ પરિસ્થિતિ સર્જાઈ છે. ઉપરોક્ત તમામ ખેડુતો માટે આફતરૂપ સ્થિતી વહીવટીતંત્રની બેજવાબદાર કામગીરીના લીધે ખેડુતોના પાકમાં મોટા પાયે નુકસાન થતી હોવાની વિગતો જાણવામાં આવી રહી છે. વહીવટી તંત્ર બેદરકારી બદલ આવું થવા પામ્યું. ત્યારે પાણીનો સદ્દઉપયોગ થાય અને યોગ્ય કામગીરી કરવા ખેડુતોની માંગ હોય તેવુ સમજી શકાય છે.



કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી પ્રો.ડો.કુબેરભાઈ ડિંડોરે હરિયાળા ગુજરાતની નેમ સાથે નગરપાલિકા ટાઉનહોલ સંતરામપુર ખાતે આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, ૩૫૦ કરતા વધુ વૃક્ષ નું વાવેતર કર્યું. આ અવસરે પર્યાવરણ અનુકૂળ જીવનશૈલી અપનાવી સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ કરવા અપીલ કરી. આ કાર્યક્રમમાં સાથે તાલુકા પંચાયતના પ્રમુખ હરેશભાઈ વળવાઈ, તાલુકા મંડળ પ્રમુખ બળવંતભાઈ પટેલીયા, મહામંત્રી છગનભાઈ માલ, નગર પ્રમુખ સંદીપભાઈ ભોઈ, સહીત પાર્ટીના કર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# દાહોદ નગરી ફોર્મ હાઉસમાં લગ્ન પ્રસંગમાં દારૂની મહેફિલ સ્થળે રેઈડ કરી ૨૨ ઈસમોને પોલીસે ઝડપ્યા

દાહોદ,

દાહોદમાં લગ્ન પ્રસંગની પાર્ટીમાં નગદી ફાર્મ હાઉસમાંથી ૨૨ નબીરાઓ દારૂ ઢીચતા જીલ્લા પોલીસવડાની બાતમી આધારે એલસીબીના હાથે પાર્ટી કરી રહેલા ૨૨ ઈસમોને ઝડપી પાડતાં દાહોદ શહેર સહિત જીલ્લામાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે. ઝડપોયલ ઈસમો પાસેથી પોલીસે મોબાઈલ ફોન મળી લાખ્ખોનો મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

ગાંધીના ગુજરાતમાં અને ખાસ કરીને દાહોદ જીલ્લામાં દારૂ બંધીની કડક અમલવારી કરતાં દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેથળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ દ્વારા વિદેશી દારૂના અડ્ડાઓ ઉપર તેમજ હેરાફેરી કરતાં તત્વો પર લગામ કસવામાં આવી રહી છે. નવા વર્ષની ઉજવણી પતી ગઈ છે ૨૦૨૩ ના વર્ષને બાય બાય કરી દેવાયું છે. નવા વર્ષ ૨૦૨૪ ને આવકારી પણ લેવાયું છે, તેમાંય ખાસ કરીને ૩૧મી ડિસેમ્બરની ઉજવણી દરમિયાન નશાના રવાળે યુવાધન ન ચડે તેથી જીલ્લા પોલીસ વડાએ સઘન કામગીરી કરી કેટલાક દારૂડિયાઓને જેલ ભેગા કરી કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે હવે કડકડતી ઠંડીમાં લગ્ન સરાની મોશમ ચાલુ થઈ ગઈ છે. એકબાજુ ગાંધીના ગુજરાતમાં દારૂ બંધી છે, તો બીજી તરફ દારૂ બંધીનું ભાન અપાવવા માટે દાહોદ જીલ્લા પોલીસવડા ર્ડા. રાજદીપસિંહ ઝાલાની સૂચના અને માર્ગદર્શન અનુસાર પોલીસ કામગીરી કરી અને દારૂ બંધીના ગુનાઓ ઝડપી કાર્યવાહી કરાઈ રહી છે અને હવે દાહોદ જીલ્લામાં લગ્ન પ્રસંગની પાર્ટીઓમાં જમણ પીરસવાની જગ્યાએ દારૂ પીરસાઈ રહ્યું હતું.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ



દાહોદના છાપરી ખાતે આવેલા નગદી ફાર્મ હાઉસમાં લગ્ન પ્રસંગની રિસેપશન પાર્ટી રાખવામાં આવી હતી. જેમાં મોટા પરિવારના કેટલાક લોકો ભેગા મળી શાહી પાઠ સાથે દારૂ ઢીચી રહ્યા હોવાની બાતમી જીલ્લા પોલીસવડા ર્ડા. રાજદીપસિંહ ઝાલાને મળી હતી અને તેઓએ એલસીબીની ટીમને દરોડો પાઢવા માટે મોકલી હતી. ત્યારે એલસીબીની ટીમે ફાર્મ હાઉસમાં રેડ કરતા વિદેશી દારૂ ઢીચતા નબીરાઓમાં નાશ ભાગ મચી જવા પામી હતી અને જીલ્લા પોલીસવડા ર્ડા. રાજદીપસિંહ ઝાલા પણ રેડ વાળી જગ્યાએ પહોંચ્યા હતા જેમાંથી (૧) ફખરી મનસુર ઝાલોદવાલા, રહેવાસી–ગોદી રોડ, દાહોદ (૨) મુસ્તફા અલી અસગર પારાવાલા, રહેવાસી– ગોધરા રોડ, સેફી નગર, દાહોદ (૩) તાહેર હાતીમભાઈ રાણાપુરવાળા, રહેવાસી–એમજી રોડ, દાહોદ (૪) અબ્બાસ તાહેર આંબલીયા, રહેવાસી–ગોદીરોડ, અલેફિયા કોલોની (૫) હકીમ અસગર અલી વણવાળા, રહેવાસી–ગોદીરોડ, સેફી મોહલ્લા, દાહોદ (૬) હુસેન જુઝર ખરોદાવાળ,। રહેવાસી–ઠક્કર ફળીયા, દાહોદ (૭) મુર્તુજા કુતબુદ્દીન ખરોદાવાળા, રહેવાસી–ગોદીરોડ, એવન્યુ એપાર્ટમેન્ટ, દાહોદ (૮) મુસ્તુફા ખોજેમ રાણાપુરવાળા, રહેવાસી–ઉકરડી રોડ, ઈમામ મંજીલ, દાહોદ (૯) તાહેર સેફિભાઈ થાકીર, રહેવાસી–સેફી મોહલ્લા, મકરન્ટાઈલ બેંક પાસે, દાહોદ (૧૦) મુર્તુજા મોહમ્મદ થાકીર, રહેવાસી–એલેફિયા કોલોની, દાહોદ (૧૧) મુર્તુજા ફિરોઝ વાસણવાળા, રહેવાસી–શીતલ કોમ્પ્લેક્સ, બુરહાની સોસાયટી, દાહોદ (૧૨) હુસેન તાહેર ચલ્લાવાળા, રહેવાસી–સેફી મોહલ્લા પાસે, જુમાતખાના, દાહોદ (૧૩) ઈદ્રીસ મુસ્તુફા ઝૂમ્મરવાળા, રહેવાસી–સ્ટેશન રોડ, નવજીવન મિલ રોડ, દાહોદ (૧૪) હુસેન નજમી ભાભરા વાળા, રહેવાસી–હકીમી સોસાયટી, ગોદીરોડ, દાહોદ (૧૫) મુસ્તુફા ખોજેમ નાચાવાળા, રહેવાસી–સ્ટેશન રોડ, બુરહાની સોસાયટી, દાહોદ (૧૬) ઈદ્રીસ તાહેર ગુરીવાળા, રહેવાસી–તાહેરી સોસાયટી ગોદી રોડ, દાહોદ (૧૭) તાહિર હકીમ સીડીવાળા, રહેવાસી–છાબ તળાવ, હુસેની મસ્જિદ પાસે, દાહોદ (૧૮) શબ્બીર હકીમ ઢીલાવાલા, રહેવાસી–છાબ તળાવ, હુસેની મસ્જિદ પાસે, દાહોદ (૧૯) તાહા કુતબુદ્દીન બુક્સેલર, રહેવાસી–એલેફિયા કોલોની, દાહોદ (૨૦) મોઈજ જુઝર ખરોદાવાળા, રહેવાસી–ઠક્કર ફળીયા, બુરહાની એપાર્ટમેન્ટ, દાહોદ (૨૧) મુસ્તુફા મોહંમમદ લેણવાળા, રહેવાસી–એમજીરોડ પાયગા મોહલ્લા, દાહોદ (૨૨) મુસ્તુફા મઝહર નગદી, રહેવાસી–ગોદીરોડ ઉકરડી રોડ, મુર્તુઝા કોમ્પ્લેક્સ, દાહોદ આ તમામ નબીરાઓને વિદેશી દારૂ ઢીચતા પોલીસે ઝડપી સાથેજ તેમના લાખો રૂપિયાના મોબાઈલ અને લાખો રૂપીયાના વાહનો પણ કબ્જે લઈ બી ડિવિઝન પોલીસ મથકે એલસીબી પોલીસે ગુનો નોંધાવી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના નવાગામ જવાના રોડ સાઈડમાં સંજીવની યોજના દુધના પાઉચ ફેકેલ મળી આવ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડામાં તાલુકામાં ICDS શાખાની ગંભીર બેદરકારી હોવાનુ સામે આવ્યુ છે. દાહોદ જીલ્લા કુપોષણ મુક્ત બનાવવાના હેતુથી શરૂ કરાયેલી દૂધ સંજીવની યોજનાના ખુલ્લેઆમ ધજાગરા ઉડ્યા છે. એક તરફ સરકાર દૂધ સંજીવની યોજના (Gujarat Government scheme) હેઠળ કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. જોકે, એ પછી આ યોજનાનો લાભ બાળકો સુધી પહોંચે છે કે કેમ તે એક સવાલ છે. દાહોદ (Dahod) જીલ્લાની આંગણવાડીમાં (Anganv લોલમ પોલ ચાલતી હોવાનું સામે આવ્યુ છે. દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના



નવાગામ જવાના રસ્તા ઉપર આંગણવાડીના બાળકોને આપવામાં આવતું દૂધ (Milk) કચરામાં ફેંકેલું જોવા મળ્યું છે. ત્યારે બાળકોને દૂધ નહીં આપીને દૂધને રસ્તા ફેંકી દેવાતા ગરબાડા આઇ.સી.ડી.એસ વિભાગની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

એક તરફ સરકાર દૂધ સંજીવની યોજના પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરે છે અને બીજી તરફ ભ્રષ્ટ અધિકારીઓની બેદરકારીને લીધે દૂધ ગરીબ બાળકના પેટમાં જવાને બદલે રસ્તા ઉપર કચરામાં દૂધ તેમજ ખાધપદાર્થોના આવા બગાડને લીધે ICDS વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આ દૂધ કોને ફેંક્યું કેમ ફેક્યું અને કઈ આંગણવાડીના બાળકોને આ દૂધથી વંચિત કર્યા તે એક મોટો સવાલ છે. હવે જોવાનું રહી કે તંત્ર આ બાબતે શુભ પગલાં લે છે.

# દાહોદના ખંગેલા ચેકપોસ્ટ ખાતેથી આઈસર ટ્રક માંથી ૩૬.૬ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ તાલુકાના ખંગેલા ચેકપોસ્ટ પરથી કતવારા પોલીસે એક આઈસર ગાડી માંથી વિદેશી દારૂનો કુલ રૂા.૩૬,૦૬,૦૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૫૬,૧૬,૦૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ગાડીના ચાલક સહિત બે ઈસમોની પોલીસે અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લો મધ્યપ્રદેશ અને રાજસ્થાનને જોડતો જીલ્લો છે, તેમાંય ખાસ કરીને દાહોદ જીલ્લા માંથી વિદેશી દારૂની હેરાફેરી ગુજરાત રાજયમાં મોટા પ્રમાણમાં થતી હોવાની ભારે ચર્ચાઓ વચ્ચે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે ગતરોજ કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે ખંગેલા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક આઈસર ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાંની સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીમાં સવાર વિકાસકુમાર રાજમલજી તેલી અને તેની સાથેનો દેવેંદ્રભાઈ રામલાલ નાચી (બંન્ને રહે. રાજસ્થાન)નાની પોલીસે અટકાયત કરી ગાડીની તલાસી લેતાં પોલીસ ચોંકી ઉઠી હતી. આઈસર ગાડીમાંથી પોલીસે વિદેશી દારૂની પેટીઓ નંગ.૫૦૦ જેની કુલ કિંમત રૂા.૫૬,૧૬,૦૦૦ના પ્રોહી જથ્થા સાથે ઝડપાયેલ ઈસમો પાસેથી મોબાઈલ ફોન તેમજ આઈસર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂા.૫૬,૧૬,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ઝડપાયે ઈસમોની પુછપરછ કરતાં આ વિદેશી દારૂનો જથ્થો ગૌતમ સેન (રહે. રાજસ્થાન), વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર, દારૂના ઠેકાનો માલીક, વિદેશી દારૂ મંગાવનાર વડોદરાના ઈસમ તેમજ અન્ય એક ઈસમ મળી એકબીજાની મદદગારીમાં હેરાફેરી કરતાં હોવાની કબુલાત કરતાં આ સંબંધે કતવારા પોલીસે તમામ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.116

### અમદાવાદ ડબગર સમાજ દ્વારા

# અયોધ્યા મંદિર માટે તૈયાર કરેલ ૫૦૦ કિલો નગારા સાથે ગોધરામાં પ્રવેશ કરતાં BAPS સ્વામીનારાયણ મંદિર ખાતે ભવ્ય સ્વાગત કરાયું

## ગોધરા નગરમાં અયોધ્યા માટે તૈયાર થયેલ નગારાના દર્શન માટે લોકો ઉમટયા

ગોધરા,

અયોધ્યા રામ મંદિરના પ્રાંગણમાં પ્રસ્થાપિત કરવામાં આવનાર નગારાને અમદાવાદ ડબગર સમાજ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે અને અયોધ્યા જવા માટે પ્રસ્થાન થયેલ છે. તે નગારા સાથે ગોધરા ખાતે આવતાં ગોધરા અમદાવાદ રોડ ઉપર આવેલ બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે મંદિરના મહંતો તેમજ ધારાસભ્યો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું.



અયોધ્યામાં રામ મંદિર ખાતે પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. રામ મંદિરને લઈ દેશભરમાં માહોલ રામમય બન્યો છે. ત્યારે અમદાવાદના ડબગર સમાજ દ્વારા તૈયાર કરવામાં આવેલ નગારાને અયોધ્યા રામ મંદિર પ્રાંગણમાં પ્રસ્થાપિત કરવામાં આવનાર છે. અમદાવાદમાં ડબગર સમાજ દ્વારા તૈયાર થયેલ નગારાને અયોધ્યા ખાતે જવા પ્રસ્થાન કર્યું છે. તે આજરોજ ગોધરા ખાતે બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે પહોંચ્યા હતા. બીએપીએસ મંદિર ખાતે સ્વામીનારાયણ મંદિરના મહંતો, શહેરા ધારાસભ્ય વિધાનસભા ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ અને ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા નગારાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગોધરા ખાતે અયોધ્યા મંદિર ખાતે જવા નિકળેલ નગારાને સ્વાગત માટે ડબગર સમાજ અને અન્ય લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ગોધરામાં માહોલ ભકિતમય બન્યો હતો. અયોધ્યા રામ મંદિર માટે અમદાવાદ ડબગર સમાજ દ્વારા ૫૦૦ કિલો વજનનું વિશાળકાય નગારાને દેખી નગરજનો અવિજીત થયા હતા. ગોધરા માંથી પ્રસાર થયેલ નગારાની પ્રસ્થાન યાત્રને લઈ ગોધરામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

# ગોધરા ટુર સંચાકલ દ્વારા લોકોને બોગસ વિઝા બનાવી વિદેશ મોકલી દેનાર બે આરોપીઓના રેગ્યુલર જામીન અરજી કોર્ટ નામંજુર કરાઈ

ગોધરા,

ગોધરા શહેરમાં ટુર સંચાલક દ્વારા લોકોને બોગસ વિઝા બનાવી વિદેશ મોકલી દેનાર ઝડપાયેલ આરોપીએ રેગ્યુલર જામીન અરજી મુકાઈ હતી. તે જામીન અરજી કોર્ટે નામંજુર કરાઈ.

ગોધરા શહેરના ટુર સંચાલક દ્વારા બોગસ વિઝા બનાવીને લોકોને મકકા મદિના ધાર્મીક યાત્રા ઉમરાહ લઈ જવાનું પેકેજ જાહેર કરી ટીકીટોના વ્યકિત દીઠ ૧,૪૦,૦૦૦/–રૂપીયા લઈ ફરિયાદી અને સાહેદોને કોઈ પ્રકારની સુવિધા નહિ આપી વિશ્વાસઘાત ઠગાઈ કરી એકબીજાની મદદગારીમાં ગુન્હો કરેલ હતો. ફરિયાદી તથા સાહેદોએ બોગસ વિઝાના આધારે મુંબઈ એરપોર્ટ ઉપરથી કોઈપણ પ્રકારના વિઝા ચેકીંગ તથા એરપોર્ટ ઓથોરીટીના અધિકારીઓના મેળાપીપણામાં સાઉદી અરેબીયા જવા રવાના કર્યા હતા. ફરિયાદી અને સાહેદોને જિદ્દાહ એરપોર્ટ ઉપર એરપોર્ટ ઓથોરીટી દ્વારા ત્રીસ કલાક અટકાવવામાં આવેલ નામચીન તત્વોએ ધાર્મીક યાત્રા કરતાં લોકો સામે ગંભીર પ્રકારની બનાવટ અને છેતરપિંડી કરેલ હતી. જીલ્લા પોલીસવડાના હુકમથી આરોપીઓ ઈકરામ ઉર્ફે ફારૂક ઘંટ્યા (રહે. ગોન્દ્રા, ઈદગાહ મહોલ્લા, ગોધરા), અનશ અબ્દુલલ સતાર ચુરમલી (રહે. રહેમતનગર, ગોધરા)ને ઝડપી પાડવામાં આવ્યા હતા. બોગસ વિઝા બનાવી ઠગાઈ કરાવનાર ઈસમ ઈકરામ ઉર્ફે ફારૂક ઘંટ્યા અને અનશ અબ્દુલ સત્તાર ચુરમલીએ પંચમાલ ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ પી.એ.માલવીયાની કોર્ટમાં નિયમિત જામની અરજી કરી હતી. જામીન અરજી કોર્ટમાં ચાલતા સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોરની વિગતવાર દલીલોને ગ્રાહ્ય રાખી આરોપીઓની જામીન અરજી નામંજુર કરાઈ.

## ગોધરા બહારપુરા કરીયાણાની દુકાન માંથી ચોરી થયેલ મોબાઈલ ફોન, રોકડ સાથે બે ઈસમોને એ ડીવીઝન પોલીસે ઝડપ્યા



ગોધરા,

ગોધરાના પાંજરાપોળ રોડ ઉપર ડી સ્ટાફ પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન શંકાસ્પદ ઈસમ જે પ્લાસ્ટીક ફુલ વેચનાર ઈસમને ઝડપ્યો હતો. પુછપરછ દરમિયાન ૪ જાન્યુઆરીના રોજ બહારપુરા નાકે કરીયાણાની દુકાન માંથી બજેવી સાથે ડ્રોવર માંથી બે મોબાઈલ ફોન અને રોકડ મળી ૪૭,૨૦૦/–રૂપીયાનો મુદ્દામાલ હસ્તગત કર્યા હતા.

ગોધરા એ ડીવીઝન પોલીસ મથકના ડી સ્ટાફ પોલીસ કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. દરમિયાન પાંજરાપોળ રોડ ઉપર એક પ્લાસ્ટીકના ફુલ વેચનાર શંકાસ્પદ ઈસમની પુછપરછ કરતાં લવસિંહ બુલબુલ ગુજજર (રહે. રાવદ, તા.દેવાલપુરા, ઈન્દોર, એમ.પી.) હોવાનું જણાવ્યું હતું. તને કબુલાત કરી હતી કે, ૪ જાન્યુઆરીના રોજ બપોરના સમયે બહારપુરાના નાકે આવેલ કરીયાણાની દુકાનના ડ્રોવર માંથી તેના બનેવી સૌરભ ઉજાગરસિંહ સોલંકી સાથે મળીને દુકાનના ડ્રોવર માંથી ચલણી નોટો ૩૭,૨૦૦/–રૂપીયા તથા મોબાઈલ ફોન નંગ–૨ ૧૦,૦૦૦/–રૂપીયા મળી ૪૭,૨૦૦/–રૂપીયાના મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યું. ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવેલ ચોરીનો ગુનો ડિટેકટ કરવામાં આવ્યો.

## હાલોલ જુની GIDC ખોડીયાર લાઈફ સાયન્સ કોલેજ પાસે આરોપીને મારમારી કરી ઈજાઓ પહોંચાડતા ફરિયાદ

હાલોલ,

હાલોલ જુની જી.આઈ.ડી.સી. ખોડીયાર લાઈફ સાયન્સ કંપની ખાતે આરોપી ઈસમોએ મંડળી રચી હથિયારો સાથે ફરિયાદી તથા અન્યોને ગડદાપાટુનો મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ જી.આઈ.ડી.સી. ખોડીયાર લાઈફ સાયન્સ કંપની ખાતે આરોપી ઈસમો અજયસિંહ, ધર્મેશ ઉર્ફે ભુરો, બાબુ વિજયભાઈ સોલંકી તથા અન્ય ઈસમોએ ગેરકાયદેસર મંડળી રચી હતી અને ફરિયાદી મિતેશસિંહ બળવતંસિંહ સોલંકી અને અન્ય સાહેદોને ગાળો આપી અજયસિંહને માથામાં લાકડી મારી ઈજાઓ પહોંચાડી હતી. મારામારીમાં ફરિયાદીની સોનાની ચેઈન પડી ગઈ હતી. આરોપીએ જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરામાં ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યા ખાતે થનારા રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને અનેરો આનંદ અને ઉત્સાહનો માહોલ રામ ભક્તોમાં જોવા મળી રહ્યો છે. જ્યારે નગર વિસ્તારમાં બાળકો દ્વારા અયોધ્યામાં બનેલ ભવ્ય રામ મંદિરની જન્મભૂમિનુ વિવરણ પત્રિકાનું વિતરણ પરવડી વિસ્તારમાં આવેલી દુકાનોમાં કરવામાં આવ્યું હતું.

# શહેરાના ગુણેલી ગામે વિકસીત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજયો

શહેરા,

શહેરા તાલુકાના ગુણેલી ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અદયક્ષ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલનું ગામના સરપંચ તેમજ અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકાના ગુણેલી ગામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડનું ગામના સરપંચ તેમજ અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ ઉપસ્થિત ગ્રામજનોને તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલ દ્વારા સરકારની વિવિધ લાભકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપવામાં હતી. જયારે આ ગામના લાભાર્થીઓને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ સહિત ઉપસ્થિત અધિકારીઓના હસ્તે વિવિધ યોજના અંતર્ગત લાભ આપવામાં આવ્યા હતા. આમ તો તાલુકાના મુખ્ય કચેરીના અધિકારીઓ ગ્રામ્ય વિસ્તારમાં કોઈ કાર્યક્રમ હોય ત્યારે જતા હોય ત્યારબાદ કોઈ રજૂઆત હોય ત્યારે મુલાકાત લેતા હોય છે. જયારે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમના એક કલાક પહેલા તાલુકા વિકાસ અધિકારી સહિતનાઓ ગામની વિવિધ વિસ્તારની મુલાકાત લેવામાં આવે જેથી ગામની સમસ્યાઓ થી તેઓ વાકેફ થઈ શકે તેમજ સરકારી યોજનાઓનો લાભ ગ્રામજનોને મળે છે કે નહીં એ પણ ખબર પડી શકે તો નવાઈ નહીં જોકે તાલુકાના અનેક ગામોમાં નલ સે જલ યોજનાનું પાણી ઘરે ઘરે પહોંચી નહીં રહી હોવાનું જાણવા મળેલ હોય ત્યારે સંબંધિત તંત્રના અધિકારીઓ ઓફિસની ખુરશી છોડીને પોતાની નૈતિક ફરજ સમજીને ગ્રામીણ વિસ્તારની મુલાકાત લેવામાં આવે તે જરૂરી છે.

## ગોધરા પંચમહાલ ડેરી દ્વારા ૮ કિલો મીટરની મેરેથોન દોડ યોજી



ગોધરા,

ગોધરા પંચમહાલ ડેરી દ્વારા ૮ કિલો મીટરની મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. પંચમહાલ ડેરી ખાતે ગુજરાત વિધાનસભા ઉપાદયક્ષ અને પંચમહાલ ડેરીના ચેરમેન મેરેથોનને પ્રસ્થાન કરાવી હતી. ગોધરાની પંચમહાલ ડેરી દ્વારા ત્રીજા વર્ષ જાહેર જનતાની તંદુરસ્તી અને આરોગ્ય જાળવાઈ રહે તેવા આશયથી ૮ કિલો મીટર લાંબી મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. મેરેથોનમાં ૧૨૦૦ થી ઉપરાંત દોડવીરોએ ભાગ લીધો હતો. વહેલી સવારે પંચમહાલ ડેરી ખાતેથી શરૂ થયેલ મેરેથોન દોડને પંચમહાલ ડેરીના એમ.ડી. મિનેશ મહેતા અને ચીફ જનરલ મેનેજર અને સી.એ.સંકેત કાછીઆ દ્વારા ફલેગ ઓફ કરીને રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. પંચમહાલ ડેરીથી ચાંચર ચોક થી ડેરી સુધીની મેરેથોન સ્પર્ધકો દોડ લગાવી હતી. મેરેથોનમાં પ્રથમ આવનાર સ્પર્ધકોએ જનતાને જીવનશૈલીમાં કસરત માટે અપીલ કરી હતી. ડેરીના ચેરમેન જેઠાભાઈ ભરવાડ દ્વારા પ્રથમ, દ્વિતિય અને તૃતીય વિજેતાઓને પુરસ્કાર અને પ્રશસ્તીપત્ર આપી સન્માનિત કરાયા હતા.

## શહેરાના અણીયાદ ચોકડી પાસે બમ્પ મુકયા બાદ સુચન બોર્ડ લવાડવામાં આળશ



શહેરા,

શહેરા અણીયાદ ચોકડી વિસ્તારમાં પસાર થતા હાઈવે ઉપર બન્ને તરફ બમ્પ મૂકયા બાદ ચેતવણીના બોર્ડ મૂકવામાં આવ્યા નથી. હાઈવે ઉપર દિવસ અને રાત્રી દરમિયાન સતત વાહનોની અવર જવર રહેવા સાથે અન્ય રાજયના પણ વાહન ચાલકો અહીંથી પસાર થતા હોય તેમ છતાં બમ્પ ને લગતા ચેતવણી બોર્ડ હાઈવે ઉપર કોઈ જગ્યાએ મૂકવામાં નહી આવવા સાથે કલ્યાણ કંપની દ્વારા અહી કોઈ મોટી ઘટના બને એની રાહ દેખી રહયુ હોય એમ લાગી રહ્યું છે. જોકે, આ બમ્પના કારણે અમુક વાહનો બંધ થઈ જતા ટ્રાફિકજામના પણ દ્રશ્યો અહીં અમુક સમયે જોવા મળતા હોય છે. સબંધિત તંત્ર ઉપરોક્ત આ બાબતને ધ્યાનમાં લઈને અહીં યોગ્ય કાર્યવાહી હાથધરીને અહીંથી પસાર થતા વાહન ચાલકોને વધુ તકલીફનો સામનો ન કરવો પડે એવી આશા વાહન ચાલકો રાખી રહ્યા હતા.

## કાલોલના સાલીવાવ ગામેથી ૩૭ હજારના ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

કાલોલ,

કાલોલ તાલુકાના સાલીવાવ ગામે રહેતા ઈસમો પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી પ્લાસ્ટીક કવાટરીયા, બીયર ટીન મળી કિંમત ૩૭,૨૬૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના સાલીવાવ ગામે રહેતા ઈસમ ગોવિંદભાઈ બાલુભાઈ સોલંકીએ પોતાના રહેણાંક ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન પ્લાસ્ટીક કવાટરીયા, બીયર ટીન મળી ૩૭,૨૬૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. રેઈડ દરમિયાન આરોપી ગોવિંદભાઈ સોલંકી મળી નહિ આવતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

## હાલોલ ખાતે સમતા ફાઉન્ડેશન દ્વારા સન્માન કાર્યક્રમમાં શહેરા ઝોઝની વ્યકિતનું સન્માન કરાયું



શહેરા,

સમતા ફાઉન્ડેશન દ્વારા રાખવામાં આવેલ વિશેષ સન્માન કાર્યક્રમમાં શહેરા તાલુકાના ઝોઝ ગામના જસવંતસિંહ પરમારનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતું. સમતા ફાઉન્ડેશન દ્વારા મદય ગુજરાતના વ્યક્તિ વિશેષ સન્માન અને તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ હાલોલ ખાતે રાખવામાં આવ્યો હતો. જીલ્લા સહિત બહારથી પણ અનેક લોકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.જયારે શહેરા તાલુકાના ઝોઝ ગામના જસવંતસિંહ પરમાર દ્વારા બસોથી વધુ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે સાહિત્ય આપવામાં આવવા સાથે જુદી જુદી સામાજીક પ્રવૃત્તિમાં હંમેશા આગળ રહેતા હોવાથી સમતા ફાઉન્ડેશન દ્વારા શાલ ઓઢાડીને અને ટ્રોફી આપીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત વિદ્યાર્થીઓને આવનાર પરીક્ષાને લઈને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

